સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સુશાસન અને સજ્જતાની થઈ ગઈ પરીક્ષા,
બુદ્ધિમત્તાને આવડતની થઈ ગઈ પરીક્ષા,
નેતૃત્વપણાને સાહસની થઈ ગઈ પરીક્ષા,
સ્વતંત્ર નિર્ણયાત્મકતાની થઈ ગઈ પરીક્ષા.

હાઈકુ

ખડકી દીધો
ડુંગર સમસ્યાનો
વિદ્યાર્થી પર

રમ્યા રમત
કારકિર્દી સાથે
ભાવિ ભેખડે

(દૃષ્ટિ વિનાનું સરકારનું ને વિદ્યાર્થીનું ધૂધળું ભાવિ)

ચિંતન

તસ્મિન્ અનન્યતા તદ્ વિરોધિષુ ઉદાસીનતા ચ ।

ઉપરોક્ત શ્લોક નારદ-ભક્તિ સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

તેનામાં (પ્રિયતમ ભગવાનમાં) અનન્યતા અને તેના પ્રતિકૂળ વિષયમાં ઉદાસીનતાને પણ નિરોધ કહે છે.

અનન્યતા એ ભક્તિ માર્ગનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે, તમારું સર્વસ્વ ભગવાનને ચરણે ધરી દો. તમારા બધા જ કાર્યો ભગવાનને સમર્પિત કરો. જ્યારે તમે તમારું શરીર, મન અને અહંકાર ભગવાનને સમર્પિત કરી દેશો ત્યારે તમે તેની (ઈશ્વરની) સાથે એકતા પ્રાપ્ત કરી શકશો.

ભક્ત તો સમજે છે કે પોતે ઈશ્વરનું એક સાધન માત્ર છે અને ઈશ્વરે તેને બુદ્ધિ અને સંયોગો ઈશ્વરનું કાર્ય કરવા માટે આપ્યા છે. ભક્ત કોઈ કાર્ય કરવા માટેનું માન ઈચ્છતો નથી એ તો બધું ઈશ-કૃપામાં આભારી ગણે છે. દુન્યવી માનવી દરેક વાતમાં પોતાનો અહંકાર પ્રદર્શિત કરે છે. તમારો સાચો શત્રુ તમારો અહંકાર છે. આ અહંકાર ભક્તિ અને શાંતિનો દુશ્મન છે.

સુવિચાર

- જબ સોચ મેં મોચ આતી હૈ,
  તબ હર રિશ્તે મેં ખરોંચ આતી હૈ - **પ્રિયંક તલવાર**
- સવાલ : સંપત્તિ અભિશાર રુપ કયારે ?
  ઉત્તર : સુવાસ વિનાનું પુષ્પ, ઉદારતા વિનાની સંપત્તિ, બંને બે સ્વાદ - **અણીચંદ પટેલ**
- ધારો એટલું મળી જાય તો પણ, ધારો એટલું માણી નથી શકાતું - **એસ. ભટ્ટાચાર્ય**
- દયા એક એવી સેવિકા છે કે જે પોતાના સ્વામીને ભિક્ષુકની સ્થિતિમાં મરતા જોઈ શકતી નથી - **સૈફર**
- નિંદા કરવા વાળી કે પીઠ પાછળ ખરાબ બોલવા વાળી વ્યક્તિને માટે મોક્ષના દ્વાર બંધ થાય છે - **હજરત મહંમદ પયગંબર**
- મરતી વખતે શું ખટકે છે? ગુપ્ત પાપ - **શંકરાચાર્ય**
- આજનું ઔષધ : એક વર્ષ સુધી સવારે સાત વાગ્યા પહેલાં ઘઉંના જવારાનો રસ એક સો મિલિ જેટલો લેવાથી વાળ, સફેદ થતા નથી તથા ચામડીના સામાન્ય રોગ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

નાદરજીએ હનુમાનજીને કહ્યું, 'મહારાજ, હું ભગવાનના ભક્તોનું એક રજિસ્ટર બન્યું છે તે ચેક કરવા વૈકુંઠમાં જાઉં છું. તમારું નામ એ લીસ્ટમાં છે કે કેમ તે જોતો આવું.' હનુમાજીએ હસીને હા પાડી. નારદજી પહોંચ્યા. રજિસ્ટર જોયું તો એમાં એમનું નામ તો હતું. સાથે પ્રહલાદ, અમરીશ વગેરે નામ પણ હતા. પણ ત્યાં હનુમાનજીનું નામ પણ ન હતું. નારદજી મનમાં રાજી પણ થયા અને દુઃખ પણ થયું કે રામદૂત અને શ્રીરામના ખાસ ભક્તનું જ આ ચોપડામાં નામ નથી.

નારદજી પરત ફર્યા અને હનુમાનજીને વાત કરીને કહ્યું, 'મહારાજ, અત્યંત દુઃખની વાત છે કે ભગવાન પાસે જે ચોપડો છે તેમાં ઘણા બધા નામ છે પણ આપનું નામ નથી, હું જાતે જોઈને આવ્યો છું.' 'ભક્તોના રજિસ્ટરમાં તમારું નામ જ નથી. તેમ છતાં તમે આનંદમાં રાચો છો?' હનુમાનજીએ કહ્યું, 'ભગવાન તમને ચોપડો દેખાડ્યો પણ પેલી એમની અંગત ડાયરી ન દેખાડી? એ ડાયરી માંગો અને જોજો. પછી આપ અહીં આવજો.'

નાદરજી ફરી ભગવાન પાસે ગયા અને કહ્યું, 'તમે મને મોટો ચોપડો દેખાડ્યો પણ તમારી અંગત ડાયરી ન દેખાડી?' ભગવાને ડાયરી બતાડવાની ના પાડી. નાદરજીએ જીદ કરી એટલે ભગવાને અંગત ડાયરી નાદરજીને બતાવી. એ ડાયરી જોઈને નાદરજીએ પૂછ્યું, 'મોટા ચોપડામાં મારું નામ છે. પણ આ અંગત ડાયરીમાં તો હનુમાનજી, વ્રજની ગોપીઓ, ભરતજી, સુદામા વગેરેના નામો છે. જેનું રહસ્ય શું છે?'

ભગવાને કહ્યું, 'નાદરજી, વાત એ છે મોટા ચોપડામાં એ લોકોનાં નામ છે જે મારું ભજન કરે છે, અને આ અંગત ડાયરીમાં એ નામો છે જેમનું ભજન હું કરું છું.' નારદજી ભોંઠા પડ્યા અને નારાયણ નારાયણ કરતા પૃથ્વી પર પરત ફર્યા.

રશિયાની ભારતને સલાહ...

તંત્રીસ્થાનેથી...

માનવી છેક પાષાણ યુગથી દોસ્તી અને દુશ્મની વચ્ચે અટવાતો રહ્યો છે. એની પાસે ફળદ્રુપ ભેજું છે એટલે એ પોતાનું હિત કોની સાથે જોડાવામાં છે તે સુપેરે સમજી શકે છે. એવી ઘટનાઓ પણ બનતી રહે છે કે જે એને પોતાના મિત્ર અને શત્રુ નક્કી કરવામાં મદદરુપ થાય છે. ફિલસૂફી અંદાજમાં કહીએ તો કોઈ કોઈનો મિત્ર નથી કે દુશ્મન નથી. ગીતામાં કહ્યું છે એમ માનવી જાતે જ પોતાનો શત્રુ પણ છે અને મિત્ર હત. છેલ્લો આદર્શ તો અજાતશત્રુપણાનો હોવો જોઈએ. જો કે તે વહેવારું દૃષ્ટિએ શક્ય નથી. જીવન પોતે જ એક સંગ્રામ છે. એમાં ઝૂઝવાનું અને ઝઝૂમવાનું જ છે. જે બાબત વ્યક્તિને લાગુ પડે તે દેશને પણ લાગુ પડે અગાઉ આપણો દેશ અનેક રજવાડામાં વહેંચાયેલો હતો ત્યારે પાટણ (ગુજરાત), લાટ, સોરઠ, માળવા કે એવાં નાનાં નાનાં રજવાડાં એકબીજાની અનુકૂળતા મુજબ મૈત્રી કરાર કરતાં અને મિત્રતાથી જોડાયેલા રહેતાં. રાણકદેવીની સુંદરતાના વખાણ સાંભળીને સિદ્ધરાજે જૂનાગઢને બાર વર્ષ લગી ઘેરો ઘાલ્યો હતો! પદ્મિની કે પદ્માવતીને પામવા યુદ્ધ ખેલાતાં. સમય બદલાતાં સરહદ બહારના ઝુઝારુ લડાકૂ સામંતોને પોતાના જ પાડોશી પર હુમલો કરવા નોતરાં અપાતાં થયાં. એથી વિદેશી તાકાતોને ભારતમાં પ્રવેશ મળ્યો. અંગ્રેજ સત્તા હેઠળ રજવાડામાં વહેંચાયેલો દેશ એક સૂત્રે બંધાયો અને આઝાદી પછી ભારત સાર્વભૌમ સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું. અમેરિકા વિશ્વની મહાસત્તા તરીકે પ્રસ્થાપિત થયું એનું કારણ એની અપાર સંપત્તિ છે. રશિયા સાથે વર્ષોથી એની ઠંડુ શત્રુતા ચાલતી રહી છે. દરમિયાન વિશ્વની સૌથી મોટી આબાદી વાળી ચીન કંગાળ દુર્દશાના દૌરને આપબળે પાર કરી વિશ્વની મહાસત્તાઓને પડકારવાની સ્થિતિમાં પહોંચી ગયું છે. ચીન અમેરિકાને આંખમાં કસ્તરની જેમ ખૂંચે છે. ભારતનું આ પાડોશી રાષ્ટ્ર શરૂથી જ વિસ્તારવાદી અભિગમ ધરાવે છે. મહાત્મા ગાધી કે પંડિત નહેરુ અને માઓત્સે તુંગની વિચાસરણીમાં કયાંક મેળ ન બેસતો હોવા ચતાં બુદ્ધના પંચશીલ સિદ્ધાંતના નામે નહેરુએ ચીન સાથે મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વહેતું મૂકેલું. પરિણામ શું આવ્યું તે જગત જાણે છે. ૧૯૬૨માં ચાઉ-એન-લાઈના ચીને 'હિંદી ચીની ભાઈ ભાઈ'ના સૂત્રોચ્ચાર શમ્યા પણ નહોતા ત્યાં હિમાલયમાં આગ ચાંપી હતી અને ભારતને બૂરા હાલે હરાવી ઘણી જમીન પચાવી પાડી હતી. તિબેટ કયારેક 'બફર સ્ટેટ' તરીકે સ્વતંત્ર હતું. ચીને એનો પણ કોળિયો કરી દીધો. એની નજર હવે અરુણાચલ અને લદ્દાખ ઉપરાંત નેપાળ, ભુતાન અને સિક્કિમ ઉપર છે. ભારત સામે દુશ્મન દેશ પાકિસ્તાનને એ ભરપૂર મદદ કરે છે અને એને 'કુદરતી મિત્રદેશ' કહી આવકારે છે. પાકિસ્તાને આઝાદ કાશ્મીરથી લઈ સમુદ્રતટ પર્યંત ચીન માટે લાલ જાજમ પાથરેલી છે. આવા સંજોગોમાં રશિયા ભારતના જૂના મિત્ર દેશ તરીકે હરહંમેશ પડખે રહેતું આવેલું પરંતુ નરસિંહરાવ, ડૉ. મનમોહનસિંહ અને એ પછી મોદીની આગેવાની હેઠળ અમેરિકા ભારત તરફી પક્ષપાત રાખતું થયું છે. ખાસ તો અમેરિકામાં ઓસામા બિન લાદેનના આતંકવાદી સંગઠને જે કાળો કેર વરસાવ્યો ત્યારથી એ પાકિસ્તાન પ્રત્યે રોષે ભરાયેલું છે. વૈશ્વિક મહાસત્તાઓ પોતપોતાના ગણિત માંડીને ચાલતી હોય છે. ચીન-પાકિસ્તાનની ધરીને હવે અમેરિકાના જાની દુશ્મન રશિયાનું પણ છૂપું સમર્થન મળવા લાગ્યું છે. જો કે ભારત સાથેના જૂના ભાવભીના સંબંધો રશિયા સાચવી લેવા માગે છે પણ ભારત અમેરિકાનું બગલ બચ્ચું ન બની જાય એની એને ચિંતા છે. આથી હમણાં રશિયાના વડાપ્રધાન વ્લામિદિર પુનિતે એક મહત્ત્વનું નિવેદન કર્યું છે જે રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ હ્યું છે. ચીન અને ભારત વચ્ચેના સરહદી મામલા મુદ્દે એમણે કહ્યું કે ચીની શાહુકાર શી જિન પિંગ અને ભારતના 'વિકાસપુરુષ' મોદી વચ્ચે સુમેળ છે; તેઓ પોતાની સમસ્યાને પોતાની મેળે સુલઝાવી શકે એમ છે. બીજા કોઈએએ એમાં માથું મારવાની જરૂર નથી. આ બીજું કોઈ એટલે રશિયાની દૃષ્ટિએ માત્ર અમેરિકા જ. પુતિને ભારતને આડકતરી ચીમકી જ આપી છે કે ચીન સાથે સમાધાન કરવામાં જ શાણપણ છે; અમેરિકાના ચાળે ચળવાની જરૂર નથી! તમે આખરે પાડોશી રાષ્ટ્રો છો અને મહાન રાષ્ટ્રો છો. બે બિલાડીઓની લડાઈનો લાભ અમેરિકી વાંદરો ખાટી જાય તે બરાબર નથી !

મિત્રના સ્મરણો આપણા માટે ફુલોનો બગીચો છે

અજવાળું - અજવાળું

તુષાર જોશી

'ડેડી, તમારે મિત્ર સાથે કયારેય ઝઘડો થાય? અબોલા થાય ? કયાં સુધી ટકે? સાવ વાત જ ના કરો ? એને મનાવો કે નહિ?...'

એકવાર દીકરી એના મિત્ર જોડે ફોનમાં મીઠો ઝઘડો કરતી હતી. ઝઘડો લાંબો ચાલ્યો, મેં જરા બ્રેક મારી એટલે 'સારું ત્યારે,' કહીને વાત પડતી મૂકી... યાદ પણ કરાવ્યું તમે ને ફઈ પણ વધુ ઝઘડતા જ ને!! અને પછી એકસામટા આ પ્રશ્નો પૂછ્યા.

મનો સહજપણે ઉત્તારમાં રહીમદાસના શબ્દો યાદ આવ્યા

તુટે સુજન મનાઈયે, જો તુટે સૌ બાર,
રહિમન ફિર ફિર પોઈએ, તુટે મુક્તાહાર.

સાચ્ચો મિત્ર મોતીની જેમ અણમોલ છે. મોતીની માળા જેટલીવાર તુટે આપણે ફરી પરોવીએ એમ મિત્ર જેટલીવાર રિસાય, એને મનાવી લેવો.

સાડા ત્રણ દાયકાથી વધુ સમયની દોસ્તી જેની સાથે રહી છે એવા પારિવારિક દોસ્ત અને જાણીતા લેખક-વક્તા સુભાષ ભટ્ટ એમના પુસ્તકમાં લખે છે. 'પ્રેમ-મૈત્રી એક ચડાણ છે, સાહસ છે, પડકાર છે, અંધ નથી પણ પવિત્ર દૃષ્ટિ છે, ધ્યાનની ખીલાવટ છે, આપણને અપાયેલું આપણું વચન છે, જે આપણે પાળવાનું છે.'

મિત્ર, જેને કયારેય સાબિતી, વચન કે આધાર આપવા ન પડે, મિત્ર જે આપણા જીવનનો અર્થ આપે અને જેની મૈત્રી આપણા જીવનમાં પ્રેમનો અર્ક આપે. મિત્ર, જેની પ્રતિક્ષા કલાકો નહિ, વર્ષો સુધી થાય ને આવે પછી કયારેય 'આવજે' એમ ના કહી શકાય !!

કામ માટે, સ્વાર્થ માટે, જરૂરિયાત મુજબ મળીએ એ મૈત્રી નથી, વિના કારણ જેને મળીએ, વિના પ્રસંગે કે જન્મ દિવસે જેને ભેટ આપીએ, વિના આયોજને જેની સાથે પ્રકૃતિની ગોદમાં, આપણી શ્રદ્ધાના તીર્થોમાં ફરીએ એ મિત્ર છે.

આપણી સાથે મિત્રની હાજરી એ જ ઉત્સવ છે, મિત્ર જેને લાંબો પક્ષ લખો કે સાવ કોરો કાગળ મોકલો, આપણા મનના ભાવોને જે સમજી જાય. મિત્ર જેના વિના આપણો કે આપણા ઘરનો એક પણ પ્રસંગ અધૂરો રહે, મિત્ર એ છે જેની આપણે આખી દુનિયાના આપણા સગા-વ્હાલા આવી જાય એ પછી પણ પ્રતિક્ષા કરીએ છીએ.... મિત્ર એ છે જે અસ્વસ્થ હોય ત્યારે જ નહિ એ જેને ચાહે છે એવા કોઈ આપણા માટે અજાણ્યા અસ્વસ્થ હોય તો પણ આપણે મિત્રની પડખે ઊભા રહીએ... મિત્ર જે આપણને પ્રત્યેક મુશ્કલીના સમયે સાથ રહીને 'મેં હુ ના' નો અહેસાસ કરાવે.

મિત્રનો અવાજ આપણા માટે સંગીત છે, મિત્રનો સાથ આપણા માટે તહેવાર છે, મિત્ર સાથેની તસવીરો આપણા સ્વર્ણિમ પૃષ્ઠો છે, મિત્રના સ્મરણો આપણા માટે ફુલોનો બગીચો છે.

દરેક માણસને સગપણમાં કેટલાક સંબંધો જન્મ સાથે મળે છે, મિત્ર એવો સંબંધ છે જે આપણને આપણી પસંદગીથી મળે છે. કયારેક બાળપણમાં, કયારેક યુવાનીમાં ને કયારેક ઉંમરની ચાલીસીમાં પણ મળે છે. મૈત્રીમાં સ્ત્રી-પુરુષ-ધર્મ-જાતિના ભેદભાવ નથી. કોઈ પણ વ્યક્તિ મિત્ર હોઈ શકે, કયારેક વ્યક્તિ નહિ પણ પુસ્તક-પ્રવૃતિ ને શોખ પણ મિત્ર હોઈ શકે. મિત્ર અને મૈત્રી આપણને જીવાડે છે, એક મિત્ર મળી જાય તો વહાલથી ભેટીને વળગી રહેવું, આપણા પ્રેમને - મૈત્રીને પ્રગટ કરવા. માધ્યમ શબ્દ હોય સંગીત હોય - નૃત્ય હોય - મસ્તી હોય - સ્પર્શ હોય - હાસ્ય હોય કે રૂદન હોય... આપણી અનુભૂતિ એને પહોંચે, એના હૃદયમાં પણ મૈત્રીના ઉત્સવના દીવડા ઝળહળે ત્યારે આપણી આસપાસ મૈત્રીના અજવાળા રેલાય છે.

એ ચાલો ઢબુરિયાંઓ પાછાં ઓનલાઈન થઈ જાવ...અરે ભણવા માટે જ સ્તો !!!

વિચારયાત્રા

ડો. જય ઓઝા

વર્તમાન સમય આપણી ભરપૂર કસોટી કરી રહ્યો છે. આપણે વ્યાકુળ છીએ, અને ખૂબ જ ઝડપથી આ વાઈરસથી દૂર થઈ જવા માગીએ છીએ. પરંતુ આ વિષમ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પણ જો શિક્ષણ માટે, તેની પ્રવૃત્તિઓ માટે કોઈ નવો વિચાર અમલમાં મૂકી શકાતો હોય, તો શિક્ષણ માટે આ પરિસ્થિતિ ચોક્કસ લાભદાયી સાબિત થશે. કારણ ખૂબ સરળ છે. જ્યાં સુધી આપણે આપણા કમ્ફર્ટ ઝોનમાં હતા ત્યાં સુધી શિક્ષા માટે આપણને નવા નવા ક્રાંતિકારી વિચારો તો આવતા હતા, પરંતુ આપણે તેના તરફ આંખ આડા કાન કરી રાખતા હતા. આ તો આ ભયાનક પરિસ્થિતિ નિર્માણ થઈ તો આપણે શિક્ષણ માટે નવા આયામ વિચારવાના શરૂ કર્યા. તેમાં પણ આ નવી શિક્ષણનીતિ આવી જેણે ભવિષ્યની ઉજ્જ્વળ યોજના તરફ વધુ ઠોસપૂર્વક કદમ પ્રશસ્ત કર્યો છે. શિક્ષણમાં બે ડગલા આગળ ચાલવાની આવશ્યકતા તો છે જ પરંતુ સાથે સાથે બે ડગલાં પાછળ જઈને આપણી વૈદિક શિક્ષણનીતિને પાછી અપનાવવાની તથા તેને નવી દૃષ્ટિથી જોવાનો સમય પણ આવી ચૂક્યો છે.

પ્રસિદ્ધ દ્રષ્ટા માર્શલ મેક્લૂહાનની કેટલીક પંક્તિઓ અત્યારે યાદ આવે છે.

Someday,
All of us will spend
Our life in our own school, the WORLD.
And education in the sense of learning
To love, to grow, to change can become
Not the woeful preparation for some job
That makes us less than we could be
But the very essence,
The joyful whole of existence itself.

માત્ર નોકરી મેળવવા માટે જે શિક્ષણ આપણે લઈએ છીએ તે તો આપણે જે છીએ તેમાં પણ ન્યૂનતા લાવવા માટેનું શિક્ષણ થયું. વાસ્તવમાં તો વિદ્યાર્થી સૃષ્ટિના સીધા સંપર્કમાં આવીને જ ઘણું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. જોન ડેવ્યુ કહે છે કે : "Learning is unfolding of what was has been originally enfolded" શિક્ષણનું કાર્ય વિદ્યાર્થીની અંદર જે છે તેને અનાવૃત કરવાનું છે.

પંચદશી નામક સંસ્કૃત ગ્રંથમાં લખાયું છે કે,
અધીત્ય ચતુરો વેદાન સર્વશાસ્ત્રાણ્યનેકશઃ ।
બ્રહ્મતત્ત્વં ન જાનાતિ દર્વી સૂપરસં યથા ॥

જેમ દાળ નીકાળવાના પાત્રને દાળના સ્વાદની ખબર નથી હોતી, તેમ જ ચાર વેદ અને બધા જ શાસ્ત્રો માત્ર વાંચી જનારને બ્રહ્મત્વ વિશે જાણ નથી થઈ જતી.

શિક્ષણનો ઉદ્દેશ શું છે ? શિક્ષણનો ઉદ્દેશ છે, વ્યક્તિના વિવેકને ઉજાગર કરવો. વિવેક વગરનું શિક્ષણ કેવી હોનારત સર્જે છે, તે આપણે આ કોરોનાકાળમાં જોઈ રહ્યા છીએ. માસ્ક લગાવવા માટે સરકારે એક પછી એક દંડ વધારતા જ જવો પડે છે. lockdownમાં પણ ડંડાવાળી કરવી પડી હતી. આ ભણેલા-ગણેલા લોકોના અવિવેકનું પ્રદર્શન નહોતું તો બીજું શું હતું ! આ શતાબ્દી માહિતી અને સૂચનાઓની શતાબ્દી છે. આ ટેકનોલોજીના સમયમાં બધી જ માહિતી ખૂબ ઝડપથી મળી જશે. તે પણ વિશ્વવ્યાપી હશે. દરેક માહિતી દરેક વ્યક્તિ માટે ઉપલબ્ધ થશે. સ્મરણશક્તિનું એટલું બધું મહત્ત્વ નહીં રહે. પરંતુ મૂળ પ્રશ્ન એ છે કે શું આ સૂચનાઓ અને માહિતીનું આકલન કરવા માટે તેનો સાચો ઉપયોગ કરવા માટેનું શિક્ષણ આપવાની કોઈ વ્યવસ્થા આપણે ત્યાં છે ? નથી.

અને તે માટે જ જે મોબાઈલ ઈન્ફર્મેશનનો, માહિતીનો સૌથી મોટો સ્રોત બની શકે તે મોબાઈલ બાળકો માટે ખતરનાક બની ગયો. જે ઈન્ફર્મેશન કોરોનાવાયરસથી બચવા માટે ઉપયુક્ત બની શકે. તેની જગ્યાએ કોરોનાની નકારાત્મક સમાચારોની ભરમાર આપણને હતાશામાં લઈ જઈ રહી છે. સૂચનાઓનો ભંડાર આપણી પાસે ઉપલબ્ધ છે પરંતુ તેના ઉપયોગનો વિવેક નથી.

શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવવું તે આજના સમયની સૌથી મોટી માંગ છે. થીગડાં બહુ માર્યા, રફુ બહુ કરાવ્યું. હવે સંપૂર્ણ પરિવર્તન એ જ માત્ર ઉપાય છે. આ માટે આપણે યાંત્રિકતંત્રની સામે માનવીયતંત્રનો ઉપયોગ કરવો પડશે. હ્યુમન ટેકનોલોજીનો ઉપયોગ પાઠ્યક્રમમાં પ્રાથમિક કક્ષાથી જ શરૂ કરવો પડશે. આજના વિદ્યાર્થીને જો આપણે જ્ઞાનાત્મક આધાર નહીં આપીએ તો એ દ્વિધામાં જ રહેશે. ઓનલાઈન એજ્યુકેશન દ્વારા છાત્રોને, વિદ્યાર્થીઓને આપણે મોબાઈલથી દૂર નહીં રાખી શકીએ પણ મોબાઈલનો વિવેકયુક્ત ઉપયોગ તો શીખવી જ શકીએ.

તેઓમાં આચારની આવશ્યકતા છે. વિદ્યાર્થીઓમાં શ્રમની પ્રતિષ્ઠા કરવી પડશે. માત્ર પુસ્તકો વાંચવા, વર્ગમાં બેઠા રહેવું, લેખિત પરીક્ષાઓ આપી દેવી તે પૂરતું નહીં રહે. વિદ્યાર્થીઓને ઊઠવા, બેસવા, ચાલવા, ખાવા-પીવા, બોલવાની આદતો નવી પદ્ધતિથી શીખવવી પડશે. તનની immune system શક્તિશાળી બનાવવા માટે વ્યાયામ અને રમતની વિભાવના શીખવવી પડશે, તો સાથે સાથે મનની immune systemને શક્તિશાળી બનાવવા માટે યોગાભ્યાસનો પણ પાઠ્યક્રમમાં સમાવેશ કરવો પડશે.

આપણા પ્રધાનમંત્રીએ જે આત્મનિર્ભરતાનું સૂત્ર આપણને આપ્યું છે. તે જન-જનનાં મસ્તિષ્કમાં અંકિત કરી દેવું હોય તો સ્વાવલંબન કેન્દ્ર, ગ્રામ કેન્દ્ર, સ્વાભિમાનયુક્ત અર્થશાસ્ત્રનો અભ્યાસક્રમ પ્રાથમિક કક્ષાથી જ લાગુ કરવો પડશે. એક સુંદર સમાજવ્યવસ્થા બનાવવા માટે પરિવાર-વ્યવસ્થા સુદ્રઢ કરવી આવશ્યક છે અને તે માટે નીતિવિષયક ગ્રંથોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવો પડશે. રામાયણ, મહાભારત, ગીતાને માત્ર ધાર્મિક પુસ્તકો સુધી મર્યાદિત ન કરતાં અભ્યાસક્રમમાં રાખીને વિદ્યાર્થીને તે ગ્રંથોમાં રહેલ નીતિતત્ત્વ દેખાડવું પડશે. આ કોરોના-કાળમાં રામાયણ ધારાવાહિકને મળેલી અપાર સફળતા દર્શાવે છે કે આજની પેઢીને આ મહાન ગ્રંથો વિશે વિગતે વાત કરીને આચાર અને વ્યવહારના પાઠ ભણાવવામાં આવશે તો એક સુસંસ્કૃત અને નીતિથી સમૃદ્ધ પેઢી આપણે બનાવી શકીશું.

દરેક પરિવાર સ્વયં એક ગુરુકુળ બનવા જોઈએ. અને માતા-પિતાને પ્રથમ ગુરુ માનવાની આપણી પ્રાચીન વિભાવનાને પુનઃસ્થાપિત કરવા માટે સ્વયં માતા-પિતાએ જ કમર કસવી પડશે. કારણકે આજે દરેક બાળક પોતાના ઘરમાં જ પૂરો વખત વિતાવે છે. હવે માતા-પિતા માટે પાસે એ જૂઠું આશ્વાસન નહીં હોય કે અમારો બાળક તો બહારથી જ કોઈ ખોટી વસ્તુ શીખી આવે છે. ફરી અહીયા આચરણ જ કેન્દ્રમાં આવી ગયું. માતા-પિતા પોતાના આચરણથી જ બાળકને પરોક્ષ રૂપે શિક્ષિત કરી શકે છે.

એક સમાવેશી અભ્યાસક્રમની રચના કરવી પડશે જેમાં ગૃહવિજ્ઞાન, પ્રાથમિક આરોગ્ય, પ્રાથમિક આયુર્વેદિક અભ્યાસ, મનોવિજ્ઞાન, આગળ કહ્યું તેમ અર્થશાસ્ત્ર આ બધાનો અનુબંધ કરીને છાત્રોને ભણાવવું પડશે. આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આપણને કહ્યું કે ''ગ્લોબલ'' થવા માટે પહેલાં ''લોકલ'' થવું પડશે.

યાસ્કમુનિએ તો સદીઓ પહેલા 'આચાર્ય' શબ્દ સમજાવી દીધો હતો. આચાર્યઃ આચારં ગ્રાહ્યતિ । ''આચાર ગ્રહણ કરવા કરાવે તે આચાર્ય''. જે જ્ઞાનના વિષયોને સમ્યક રીતે પસંદ કરીને અથવા તો બુદ્ધિને સંચિત કરાવે છે. આ ધ્યાનમાં લેવા જેવી વાત છે કે અહીં પણ આચારની મહત્તા દર્શાવવામાં આવી છે. આચારમાં જે શૂન્ય છે તે તો આચાર્ય કહેવાવાને યોગ્ય નથી. ત્યારબાદ શિષ્યની ભાવના પણ ઉત્તરરામચરિત માં કવિ ભવભૂતિએ આપી છે કે શિષ્ય એ છે જે ''પ્રદીપપ્રજ્ઞામેધાભ્યામ'' હોવો જોઈએ. પ્રજ્ઞા એટલે અર્થગ્રહણ કરવાવાળી બુદ્ધિ અને મેધા એટલે ધારણ કરવા વાળી બુદ્ધિ. ઉપરોક્ત વ્યાખ્યા અનુસાર આચાર્ય અને શિષ્યના વ્યવહાર આજના સમયની સૌથી મોટી આવશ્યકતા છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

જરા યાદ તો કરી જુઓ જીવનમાં સાંભળવાની કલા વિષે કોઈએ, ક્યારેય કશુ શીખવ્યુ છે ખરૂ ?

આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

સામાન્ય રીતે બધાને હંમેશા કંઈક કહેવું હોય છે. એક સર્વેક્ષણ મુજબ વિશ્વમાં ૭૧૦૦ ભાષા બોલાય છે. તેમાંથી ૩૦૦ જેટલી ભાષા ઈંટરનેટ ઉપર ઉપલબ્ધ છે. દુનિયામાં સૌથી વધુ ૧.૨૦ અબજ લોકો ચાઈનીઝ ભાષામાં પોતાની વાત કહેતા હોય છે. લોકો બીજા એમની વાત સાંભળે એવું ઇચ્છતા હોય છે કારણ કે, મોટાભાગે આપણે બધા આપણાં વિચારોમાં જ ગુલતાન હોઈએ છીએ. સામાન્ય રીતે આપણાં બધાના વિચારો ભવિષ્ય માટે કે પછી ભૂતકાળની ઘટના સંદર્ભે હોય, દુઃખ કે દર્દ સંદર્ભે હોય કે પછી આનંદની ક્ષણો અંગેના હોય, ડરના હોય કે પછી પક્ષપાતના હોય પણ વિચારોથી આપણાં બધાનું 'માઈન્ડ પેકલ્ હોય છે.

દિમાગમાં હજારો-લાખો વિચારો અને માન્યતાઓ પહેલેથી એટલી છલોછલ ભરેલી હોય છે કે, પછી સાંભળવાની કોઈ જગા જ બચતી નથી. પરિણામે કહેનાર વ્યક્તિની વાત સાચી છે કે ખોટી એ તો દૂરની વાત છે. ચર્ચા અને બહેસ શરૂ થઈ જાય છે. એટલે જ 'સેવન હેબીટ્સ ઓફ હાઈલી સકસેસફુલ પીપલ'ના લેખક અને ચિંતક સ્ટીફન કોવે કહે છે કે, મોટા ભાગના લોકો સમજવા માટે સાંભળતા નથી, પરંતુ ત્વરીત જવાબ આપવાના હેતુથી સાંભળે છે. મહદંશે માણસનું દિમાગ 'ઓનલાઈનલ્ કંઈક કહેવાના મુડમાં જ હોય છે. જ્યારે કોઈ આપણી વાત સાંભળે ત્યારે બહુ ગમે છે. જ્યારે કોઈ આપણી વાત સાંભળે ત્યારે આપણને એ જાણી શકે અને જાણી શકે તો જ સમજી શકે. પણ આ જ ફિલોસોફી જ્યારે કોઈ આપણને કંઈ કહે ત્યારે આપણે એને જાણવા અને સમજવાની 'જેન્યુઈન' કોશિષ કરીએ છીએ ખરા ?

પ્રાચીન ગ્રીકનું શહેર સીનિક. આજે આ શહેર તુર્કીના નામે ઓળખાય છે. સીનિકમાં ડાયોજીનીસ નામનો એક ખૂબ મેઘાવી તત્વચિંતક થઈ ગયો. એણે સેંકડો વર્ષ પૂર્વે એક સરસ વાત કહી હતી કે, ઈશ્વરે માણસને બે કાન અને એક જીભ આપી છે કારણ કે, તે સાંભળે વધારે અને બોલે ઓછું. અમેરિકાના ઉદ્યોગપતિ અને જાણીતા મેગેઝીન 'ફોર્બ્સલ્ના પ્રકાશક માલ્કમ સ્ટીવનસન ફોર્બ્સે ડાયોજીનીસની આ વાતને બીઝનેસની રીતે સમર્થન આપતા ટાંક્યું છે કે, વાતચીતની કલાના મૂળમાં સાંભળવાની શક્તિ જ મુખ્ય ભાગ ભજવે છે.

એક મિત્રની કાબિલે તારીફ શ્રવણશક્તિ યાદ આવે છે. એમને મળીએ ત્યારે જે વાત થાય એ છુટા પડ્યા પછી ફરી જ્યારે પણ મળીએ ત્યારે અગાઉની મુલાકાતમાં થયેલી બધી વાતો અને સંદર્ભ વગર છૂટી ગયેલી તમારી વાતનો સંપૂર્ણ રેફરંશ અને અર્થનું યોગ્ય સંકલન એ સાધે. હંમેશા એ મિત્ર દિલ દઈને જ સાંભળે. વકતા સાથે સતત જોડાયેલા રહે. સગા, સંબંધી, મિત્રો કોઈને પણ ધ્યાનપૂર્વક દિલથી સાંભળો અને પછી જુઓ ચમત્કારિક પરિણામ. મુળતઃ વાત તો 'ઈન્ટરેસ્ટિંગ' અને 'ઈન્ટરેસ્ટેડ' એમ બે 'આઈ'ની છે. પોતાને 'ઈન્ટરેસ્ટિંગ' બનાવવા કરતા બીજાની વાતમાં 'ઈન્ટરેસ્ટેડ' બનવાની નિષ્ઠાપૂર્વકની કોશિષ કરવામાં આવે તો વધુ મિત્રો બનશે. લોકો નજીક આવશે. પોતીકાપણું લાગશે. સંબંધો સુવાસથી સુગંધીદાર બનશે.

સારું બોલતા પહેલા સારું સાંભળવાની જરૂર છે. શ્રવણશક્તિ સંબંધો વધુ મજબૂત બનાવે છે. વિશ્વાસ સંપાદિત થાય છે. 'હાઉ ટુ મેક પીપલ લાઈક યુ ઈન નાઈન્ટી સેકંડ્સ' પુસ્તકમાં નિકોલસ બુથમેને શ્રવણ કલાને સરસ રીતે ઊજાગર કરી છે. બુથમેનનો અભ્યાસ કહે છે કે, વિઝ્યુઅલ, વોકલ અને વર્ડસ એમ કોમ્યુનિકેશનના મુખ્ય ત્રણ 'વી' ફેકટર્સ છે. સામાન્ય રીતે 'વિઝ્યુઅલલ્ કોમ્યુનિકેશન ૫૫ ટકા અસર પેદા કરે છે. 'વોકલલ્ કોમ્યુનિકેશન ૩૮ ટકા અસર ઊભી કરે છે જ્યારે 'વર્ડસ' કોમ્યુનિકેશન માત્ર ૭ ટકા અસર જન્માવે છે. બુથમેનના મતે કોમ્યુનિકેશનમાં શ્રવણકલા સૌથી પાયાની ભૂમિકામાં હોય છે.

કોઈનું ન સાંભળવું અને પોતાનું હાંકે રાખવામાં સદ્દામ, ઓસામા, દૂર્યોધન જેવા લોકોની શું સ્થિતિ થઈ તે દુનિયા જાણે છે. શ્રવણ કલાના સદ્ઉપયોગથી અર્જૂને 'પેશન્સ'થી હૃદયપૂર્વક સાંભળેલી વાત કલ્યાણકારી રીતે ઊગી નીકળી. પરિણામે સદીઓ સુધી અર્જૂનની શ્રવણકલાના ઉદાહરણો અપાયા અને અપાતા રહેશે. ઈશ્વરે આપણને દ્રશ્ય ન જોવું હોય તો આંખના શટર રૂપે પાંપણની જોગવાઈ આપી છે. જો ના સાંભળવું હોય તો કાનને બંધ કરવાની કોઈ જોગવાઈ ભગવાને આપી નથી. માણસ સુતો હોય તો આંખ બંધ હોય પણ કાન તો સતત ખુલ્લા જ રહે. ઉંઘતા માણસ પાસે કોઈ ઊભું રહે તો એને ખબર ન પડે પણ એનું નામ બોલે તો તરત એને ઉંઘમાં પણ ખબર પડે. આંખો એક દિશા તરફ જોઈ શકે જ્યારે કાન આગળ પાછળ ચારેય દિશાઓમાંથી સાંભળી શકે. ભગવાન મહાવીર કહે છે કે, દર્શનશાસ્ત્ર 'એકાંગી' છે જ્યારે શ્રવણશાસ્ત્ર 'બહુઅંગી' છે. મહાવીર સ્વામીએ શ્રવણ શક્તિના આધારે જ 'અનેકાંતવાદ'ની વિચારધારાને સમજાવી છે. ઓશો માને છે કે, ધ્યાનસ્થ થવાના માર્ગે 'દ્રષ્ય' કરતાં 'શ્રવણ' દ્વારા વધુ ઝડપથી આગળ ધપી શકાય.

જો આપણને સાંભળતા નથી આવડતું તો એમા આપણો બિલકુલ વાંક નથી. મજાની વાત એ છે કે, આપણને ક્યારેય કોઈએ સાંભળતા શીખવાડ્યું જ નથી. યાદ કરો બાળપણમાં બાળકને બોલતા બધા શીખવે છે. મમ્મી, પાપા, કાકા, દાદા, નાના... વગેરે બાળક નવું નવું બોલતા શીખે એટલે સૌનો આનંદ ફૂલ્યો ન સમાય. પછી શાળામાં જાય ત્યારે શિક્ષક એને વાંચતા અને લખતા શીખવે. બાળકને જીવનપર્યત ક્યારેય સાંભળવાની કલા શીખવવામાં જ નથી આવતી. જ્યારે એક સર્વેક્ષણ અનુંસાર વાસ્તવિકતા એ છે કે, આપણાં દૈનિક જીવનના સમયમાં સરેરાશ ૧૦% જેટલો સમય લખવામાં, ૧૫% જેટલો સમય વાંચવામાં, ૨૦% જેટલો સમય બોલવામાં અને ૫૫% જેટલો સમય સાંભળવામાં જાય છે. એટલે બીજા શબ્દોમાં કહીએ તો વિટંબણા એ છે કે, લખવા, બોલવા અને વાંચવા કરતાં સાંભળવા પાછળ આપણે ઘણો વધુ સમય ગાળતા હોવા છતાં શ્રવણશક્તિ ખિલવવાની દિશામાં ક્યારેય સભાનતાપૂર્વકના પ્રયાસ થતાં જ નથી. જીવનની સાચી સુવાસ તો સંબંધોમાં હોય છે. સંબંધો સંવાદથી સજતા હોય છે અને સંવાદ શ્રવણ વિના સંભવ જ નથી. સાંભળવું એ બુધ્ધિ કરતાં હૃદયથી વધારે થતું કાર્ય છે. બાળપણમાં બાળકને બોલતા શીખવાડવામાં આવે છે પણ જીવનપર્યત ક્યારેય સાંભળવાની કળા કોઈ શીખવતું નથી.

ધબકાર :

તમે જ્યારે કોઈની સાથે એમની વિષે વાત કરો તો એ કલાકો સુધી તમને રસપૂર્વક સાંભળતા રહેશે.